# રાસાયણિક ખેતી કરતો હતો ત્યારે ખર્ચ વધારે અને આવક ઓછી થતી જતી હતી, ચોખ્ખુ નુક્સાન થતુ જણાઈ આવતુ હતુ પ્રગતિશીલ ખેડુત

**- બહેનોનો ખેતીમાં ઘણો જ સાથ હોય છે, જેથી બહેનો પણ પ્રાકૃતિક ખેતીને જાણે, સમજે અને અપનાવે તે જરૂરી છે.-ભરત ખપેડ**

**- દાહોદની સ્વ સહાય જૂથની કૃષિ સખીઓને પ્રાકૃતિક ખેતી અંગેની થિયરીકલ તેમજ પ્રેક્ટિકલ તાલીમ આપી કુદરતી ખેતી અપનાવવા હાકલ કરી**



દાહોદ, સમગ્ર રાજયના ખેડુતો ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય એ માટેના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના સંકલ્પને સાકાર કરવા સમગ્ર રાજયભરના ખેડુતો પ્રાકૃતિકખેતીએ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ તેમજ માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન શરૂ કરવામા આવ્યુ છે. આ અભિયાન જયા સુધી રાજયના તમામ ખેડુતો કુદરતી ખેતી અપનાવે નહિ ત્યા સુધી અવિરત ચાલશે.આ અભિયાન દરમ્યાન કુદરતી ખેતી અપનાવતા પ્રગતિશીલ ખેડૂતો દ્વારા અન્ય ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ અને તેનાથી થતા ફાયદાઓ વિશે માર્ગદર્શન તેમજ જાણકારી આપવામાં આવે છે.

ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનવવાથી ખેડૂતોને ખેતી ખર્ચમાં ઘટાડો થયો છે અને આવકમાં વધારો થયો છે. ખેતીની આવક વધતા ખેડૂતો સમૃદ્ધ બની રહ્યાં છે. ત્યારે દાહોદમા ખરેડી ગામનાખેડૂત ભરત ખપેડ પ્રાકૃતિક ખેતી અપનાવી પોતે અન્યોને તાલીમ આપી રહ્યા છે. તેમનુ કહેવુ છે કે, પહેલા જયારે હુ રાસાયણિક ખેતી કરતો હતો ત્યારે તેમાં ખર્ચ વધારે અને આવક ઓછી થતી જતી હતી. ચોખ્ખુ નુક્સાન થતુ જણાઈ આવતુ હતું. પછી મને સુભાષ પાલેકરની કુદરતી ખેતીની તાલીમમાં ભાગ લીધા બાદ મને ગાય આધરીત પ્રાકૃતિક કૃષિથી થતાં ફાયદાઓ વિષે જાણ્યું ત્યારબાદ પ્રાકૃતિક ખેતીની મોટેભાગે દરેક તાલીમમા ભાગ લઈને એ અંગેની માહિતી મેળવી હતી. ઉપરાંત આત્મા પ્રોજેક્ટ તેમજ બાગાયતી વિભાગ દ્વારા પણ માર્ગદર્શન મેળવ્યુ હતુ. ત્યારથી મને આ ગાય આધારીત પ્રાકૃતિક કૃષિનો વિચાર આવ્યો જેને મે અપનાવ્યો અને સફળ પણ રહ્યો.

પ્રગતિશીલ ખેડુત ભરત ખપેડનુ માનવુ છે કે,બહેનોનો ખેતીમાં ઘણો જ સાથ હોય છે, જેથી બહેનો પણ પ્રાકૃતિક ખેતીને જાણે, સમજે અને અપનાવે તે જરૂરી છે.તેમણે દાહોદની સ્વ સહાય જૂથની કૃષિ સખીઓને ૫ દિવસની પ્રાકૃતિક ખેતી અંગેની થિયરીકલ તેમજ પ્રેક્ટિકલ તાલીમ આપી કુદરતી ખેતી અપનાવવા હાકલ કરી હતી.તેઓએ તાલીમ દરમ્યાન જણાવ્યુ હતુ કે, પ્રાકૃતિક કૃષિ અંતર્ગત પાકની વાવણી પહેલા જમીનમાં ઘન જીવામુતનો ઉપયોગ કરવો, બીજને બીજામૃતનો પટ આપી વાવેતર કરવુ, નિંદામણ નિયંત્રણ માટે આંતર ખેડ તથા હાથથી નિંદામણ કરવુજેથી કરીને અળસિયાની સંખ્યામાં વધારો થવાથી જમીનની નિતાર શક્તિમાં વધારો થશે. રોગ જીવાત નિયંત્રણ માટે નિમાસ્ત્ર, અગ્નીઅસ્ત્ર, ખાટી છાસ, દશપર્ણીઅર્ક વગેરેનો ઉપયોગ કરવો, આચ્છાદન પણ કરવુ જોઈએ જેથી કરીને જમીનનું તાપમાન પણ જાળવી શકાય છે, જેવી કુદરતી ખેતીમા જરૂરી એવી તમામ બાબતોને એમણે પ્રેક્ટીકલ તેમજ વિસ્તારપુર્વક સમજાવી હતી. તેઓ કહે છે કે, જો આ ખેતીમા દરેક બહેનો પણ સાથ આપશે તો આપણી જમીન અને પાક ખેતરોમા ફરીથી ખીલી ઉઠશે.

પોતાના અનુભવો જણાવતા તેઓ કહે છે કે, પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી પાકનુ ઉત્પાદન વદ્યુ, આર્થિકઆવકમાં પણ પહેલા કરતા અનેકગણો વધારો થયો અને ખર્ચમાં ઘટાડો થવા લાગ્યો. પરીવારને ચોખ્ખુ રસાયણ વગરનુ ભોજન મળી રહે છે. જમીન પણ આ ખેતીથી જાણે ફરીથી જીવતી થઇ ગઇ છે. જમીન પોચી બની છે, અળસિયા દેખાવા લાગ્યા છે, ખેતરમા હાલતા–ચાલતા આપણે ચોખ્ખી હવા લઈ શકીએ છીએ. ઘરનુ ચોખ્ખુ શાકભાજીઅનેઅનાજ મળી રહે છે, નથી તો રસાયાણની જરૂર ને નથી તો માસ્કની જરૂર, બધુ જ કુદરતી છે. હવે તો બહેનો પણ કુદરતી ખેતીમા પોતાનો રસ દાખવીને ભાગ લઈ રહી છે એથી રૂડુ બીજુ તો શુ હોઈ શકે..!

## સંજેલી મધ્યાહન ભોજન સંચાલકની ભરતીમાં ભ્રષ્ટાચાર મામલે જવાબદારો સામે કાર્યવાહીની માંગ

સંજેલી, સંજેલી તાલુકાના માંડલી, કલ્યાણપુરા, બોડીયાભીત,થાળા સંજેલી, મોટા કાળીયા, અન પીછોડા, મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક તરીકેની જાહેરાત પાડવામાં આવી હતી. જેમાં સંજેલી મામલતદાર જે.પી.પટેલ દ્વારા નિયમ વિરોધ ગેરલાયક ઉમેદવારોને નિમણુંક આપવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો. આ મામલે વિધવા મહિલા દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરી છે. તેમાં જણાવાયુ છે કે,ઉમેદવારોના રૂબરૂ ઈન્ટરવ્યુ બાદ તેમને આ મેરીટ લિસ્ટ જાહેરમાં નોટિસ બોર્ડ પર મુકવામાં આવ્યા નથી. માત્ર નામ પુરતા જ ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યુ હોય તેમ પોતાના અંગત મળતિયાઓ સાથે રાખી અને નાણાંની લેતી–દેતી કર્યા હોવાનો ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. મામલતદારે નિવૃત્તિના એક દિવસ પહેલા જ નિમણુંક ઓર્ડર કર્યા હતા. જેના ચાર દિવસ બાદ નિમણુંક ઓર્ડર આપવામાં આવ્યા છે. વિધવા મહિલાઓને ઓર્ડર ના થતાં તેઓ મામલતદાર કચેરી ખાતે ધસી જતાં મામલતદારે કચેરીના ઉપસ્થિત કર્મચારી દ્વારા હાથ અધ્ધર કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રાંત કચેરીમાં પણ ધા કરાઈ હતી. સંજેલીના નિવૃત્ત મામલતદાર સામે કાયદેસરની કાર્યવાહી કરી અને તેના નિવૃત્તિ પછીના લાભો સ્થગિત કરવા સાથે એજન્સી દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે મુખ્યમંત્રીને સંબોધિને જિલ્લા કલેકટર, પુરવઠા અધિકારી તેમજ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાઈ છે.

## ફતેપુરા જૈન મંદિરમાં બીજી વખત તસ્કરોએ ચોરીનો પ્રયાસ કરતાં જૈન સમાજમાં રોષ

દાહોદ, દાહોદ જીલ્લાના ફતેપુરા નગરમાં આવેલ જૈન મંદિરમાં ૨૭ દિવસ પહેલા તસ્કરોએ મંદિરમાં ચોરીને અંજામ આપ્યાં બાદ પુનઃ ફરી એકવાર તેજ મંદિરમાં ચોરીનો પ્રયાસ કરતાં ફતેપુરાના જૈન સમાજમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ત્યારે જેતે સમયે થયેલ ચોરીના બનાવમાં પોલીસ મથકે ફરિયાદ કર્યા બાદ પણ પોલીસની નિષ્ક્રિય કામગીરીને પગલે તસ્કરોએ પુનઃ મંદિરમાં ચોરીનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે.

ફતેપુરા નગરમાં ઝાલોદ રોડ પર આવેલ જૈન મંદિર જુલાઈ મહિનામાં તસ્કરોએ મંદિરનું તાળુ તોડી મંદિરમાં મુકી રાખેલ દાન પેટીમાં અંદાજે રૂપીયા ૫૦ હજારની ચોરી કરી નાસી ગયાં હતા. ત્યારે જે તે સમયે ફતેપુરાના જૈન સમાજના અગ્રણીઓ દ્વારા ફતેપુરા પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધાંવી હતી, પરંતુ ફરિયાદ બાદ પણ પોલીસે આ મામલે કોઈ નક્કર કાર્યવાહી ન કરતાં તસ્કરોએ પુનઃએકવાર મોકળુ મેદાન મળ્યું હતું. જેને પગલે ગત તા.૧૭મી ઓગષ્ટના રોજ તસ્કરોએ તેજ મંદિરમાં ચોરીના પ્રયાસે ખુસ્યા હતાં, પરંતુ મંદિરમાં દર્શન માટે આવી પહોંચેલ જૈન સમાજની મહિલાઓને આવતાં જોઈ તસ્કરોએ ભાગવા લાગ્યાં હતા. ત્યારે તસ્કરો પૈકી એકનો મોબાઈલ ફોન દાન પેટીની ઉપરથી મળી આવ્યો હતો ત્યારે જૈન સમાજની મહિલાઓ દ્વારા આ મામલે સમાજના આગેવાનોને જાણ કરતાં તમામ ઘટના સ્થળે પહોંચી ગયાં હતાં. આ મામલે ફતેપુરાના જૈન સમાજ દ્વારા ફતેપુરા પોલીસ મથકે તસ્કરોનો મોબાઈલ ફોન સુપ્રત કરવામાં આવ્યો હતો ત્યારે હવે આ પુનઃ ચોરીના પ્રકરણમાં ફતેપુરા પોલીસ તસ્કરો સામે કડક કાર્યવાહી કરશે કે કેમ ? જેવા અનેક સવાલો ફતેપુરા નગરજનોમાં ઉદ્‌ભવવા પામ્યાં છે.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા વિદ્યાર્થી સંઘ ની રચના કરવામાં આવી



દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં વિદ્યાર્થી સંઘનું આયોજન તા.૨૦/૦૮/૨૦૨૪ નારોજ કરવામાં આવેલ હતું. જેમાં G.S.–અમૃતા બામણીયા, L.R.– રેણુકા નિનામા, રમગમત મંત્રી – પટેલ અફરોઝ, સાંસ્કૃતિક મંત્રી– વિશાખા વિશ્વકર્મા, ચર્ચા સભામંત્રી – શેખ સેફાલી, મેગેઝિન મંત્રી – રાઠોડ કરિશ્મા, પ્રવાસન મંત્રી – પંચાલ ભકિત, ઈન્વેટીવ મંત્રી – શેખ માહેનુરની નિમણુક કરવામાં આવી હતી. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી વિદ્યાર્થી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, શિખા મોઢીયા અને ભૂમિ ટીલવાણી આગેવાની હેઠળ સંઘની રચના કરવામાં આવી.

## ઝાલોદના વરોડ ટોલનાકા પાસે ફોર વ્હીલ અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક સવાર બે સગાભાઈના મોત

ઝાલોદ, દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના વરોડ ટોલનાકા પાસે ફોર વ્હીલર અને મોટરસાઈકલ વચ્ચે સર્જાયેલ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં મોટરસાઈકલ પર સવાર બે સગા ભાઈઓના મોતને પગલે પરિવારજનોમાં રક્ષાબંધનના તહેવાર ટાળે ગમગીની છવાઈ ગઈ હતી.

રક્ષાબંધનના તહેવારને લઈ દાહોદ જીલ્લામાં ભાઈઓ–બહેનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તરફ ઝાલોદના વરોડ ટોલનાકા પાસે ગમખ્વાર માર્ગ અકસ્માતને પગલે પરિવારજનોમાં રક્ષાબંધનના તહેવાર ટાળે ગમગીની છવાઈ ગઈ હતી. ઝાલોદના વરોડ ટોલનાકા પાસે એક ફોર વ્હીલર ગાડી અને એક મોટરસાઈકલ વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માતમાં મોટરસાઈકલ પર સવાર બે સગા ભાઈનો ઘટના સ્થળ પર કમકમાટી ભર્યા મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. પોલીસને ઘટનાની જાણ કરવામાં આવતાં પોલીસ પણ ઘટના સ્થળે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા મારફતે ઘટના સ્થળે દોડી ગઈ હતી. બંન્ને મૃતક ભાઈના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

## ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વએ જીલ્લામાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર વિશિષ્ટ વ્યક્તિઓને સન્માનિત કરાયા



દાહોદ, દાહોદ જીલ્લાના દેવગઢ બારિયા ખાતે જીલ્લાકક્ષાની ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પંચાયત અને કૃષિ મંત્રીબચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

સ્વાતંત્ર્ય પર્વની જીલ્લાકક્ષાની આ ઉજવણીમાં દાહોદ જીલ્લામાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર અને પ્રશંસનીય કામગીરી કરનારા વિશિષ્ટ વ્યકિતઓને મંત્રી અને મહાનુભાવો હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ વિશિષ્ટ વ્યકિતઓમાં જીલ્લા માહિતી કચેરી દાહોદના કર્મનિષ્ઠ ફ ા ` ટ ા ` ગ ્ ા ફ ર જુઝર.જે.ઝાબુઆવાલાનું પણ જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેના વરદહસ્તે સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે, ફ ા ` ટ ા ` ગ ્ ા ફ ર જુઝરભાઈ.જે.ઝાબુઆવાલા એ લોકસભા સામન્ય ચુંટણી ૨૦૨૪માં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમોની ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી ખુબજ સરસ કરી હતી. આ ઉપરાંત જીલ્લામાં, રાજયપાલ, મુખ્યમંત્રીઓના જીલ્લામાં તેમજ જીલ્લા બહાર અન્ય જીલ્લાઓમાં યોજાતા કાર્યક્રમોમાં ફોટોગ્રાફી, વિડિયોગ્રાફીની વિશિષ્ઠ કામગીરી નિષ્ઠા પૂર્વક બજાવી છે. વધુમાં તેમણે કરેલી ફોટોગ્રાફી તથા વિડિયોગ્રાફીની ઉમદા કામગીરી બદલ જીલ્લા પ્રશાસન દ્વારા તેમને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## દાહોદ જીલ્લામાં પોલીસ કોમ્બીંગમાં ૧૪ ઈસમોની અટકાયત કરાઈ

દાહોદ, દાહોદ શહેર સહિત જીલ્લામાં પોલીસે જુદી જુદી ટીમો બનાવી જીલ્લામાં તહેવારોને ધ્યાનમાં લઈ કોઈ અનીચ્છીનીય બનાવ ન બને તેની તકેદારીના ભાગરૂપે સઘન ચેકીંગ તેમજ કોમ્બીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જેમાં ગતરોજ દાહોદ શહેરના રળીયાતી વિસ્તારમાંથી પોલીસે દારૂ પીધેલ હાલતમાં ૧૦ ઈસમોને તેમજ ચાર વિદેશી દારૂની હાટડીઓ ઉપર રેડ પાડી મહિલા સહિત કુલ ૧૪ ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં પવિત્ર શ્રાવણ માસના પ્રારંભ સાથે તહેવારોની શરૂઆત થઈ ચુકી છે. જેમાં રક્ષાબંધન, જનમાષ્ટમી, ગણેશ ચતુર્થી બાદ આવતાં અનેક તહેવારોમાં દાહોદ શહેર સહિત જીલ્લામાં કોઈ અનીચ્છીનીય બનાવ ન બને તેની તકેદારીના ભાગરૂપે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લામાં પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી સઘન ચેકીંગ તેમજ કોમ્બીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે ગતરોજ દાહોદ શહેરના રળીયાતી રોડ પર પોલીસને મળેલ બાતમીના આધારે રળીયાતી વિસ્તારમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં જેમાં ૧૦ ઈસમો દારૂ પીધેલ હાલતમાં મળી આવ્યાં હતા. જયારે ચાર વિદેશી દારૂના અડ્ડાઓ ઉપર પોલીસે ઓચિંતી પ્રોહી રેડ પાડી વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો કબજે કર્યો હતો. આ બનાવમાં પોલીસે કુલ મહિલા સહિત ૧૪ ઈસમોની અટકાયત કરી હતી. ત્યારે પોલીસની આ કાર્યવાહીને પગલે વિદેશી દારૂનો વેપલો કરતાં તત્વોમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામી હતી.

## હોમગાર્ડ ઈન્ચાર્જ નવીનભાઈ પી. વણકર વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી ની ઉઠી માંગ



નડિયાદ, નડિયાદ શહેરના હોમ ગાર્ડ ઈન્ચાર્જ નવીનભાઈ પી. વણકર વિરૂદ્ધ નડિયાદની ચીફ એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં ૫૨/૨૦૨૪નંબર થી ૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬,૧૧૪ જેવી ગંભીર પ્રકારની કલમો દ્વારા કેસ દાખલ કરવામાં આવેલ હતો. કોર્ટ કેસની પ્રમાણિત નકલો ને આધારે ખેડા જીલ્લા નાં હોમ ગાર્ડ દળ નાં જીલ્લા કમાન્ડન્ટને તા.૨૭/૦૭/૨૦૨૪ તથા તા.૩૦/૦૭/૨૦૨૪ નારોજ ખેડા જીલ્લાના લીગલ સ્ટાફ ઓફિસરને મુંબઈ હોમ ગાર્ડ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૬(ખ) મુજબ હોમ ગાર્ડ ઈન્ચાર્જ નવીનભાઈ વણકર વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરી પરેડ ફરજ મોકૂફ કરવામાં લેખિત રજૂઆત કરવામાં આવેલ હતી. પરંતુ ખેડા જીલ્લાના જીલ્લા કમાન્ડન્ટદ્વારા મુબંઈ હોમગાર્ડ અધિનિયમ ૧૯૪૭ મુજબ જીલ્લા કમાન્ડન્ટ શ્રી દ્વારા કાર્યવાહી ન કરતા તા.૦૫/૦૮/૨૦૨૪ નારોજ ગુજરાત રાજ્ય ના હોમ ગાર્ડ દળના વડા કમાન્ડન્ટ જનરલને હોમગાર્ડ ઈન્ચાર્જ નવીનભાઈ પી. વણકર વિરૂદ્ધ મુંબઈ હોમગાર્ડ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૬(ખ) મુજબ કાયદાકીય કાર્યવાહી કરવા લેખિત રજૂઆત કરવામાં આવેલ છે તથા પોતાની ખેડા જીલ્લા કચેરીમાં ફરજ બજાવતા સ્ટાફ ઓફિસર તાલીમ અલ્પેશભાઈ મકવાણા વિરૂદ્ધ ૪૯૮ ,૧૨૫ જેવી અનેક કલમો હેઠળ FIR અને કોર્ટ થયેલ હોવા છતાં આજદિન સુધીમાં કોઈ જ મુંબઈ હોમ ગાર્ડ અધિનિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ નથી . બીજી બાજુ આ ખેડા જીલ્લામાં જો કોઈ સામાન્ય હોમગાર્ડ સભ્યો તથા માંનદ અધિકારી વિરૂદ્ધ કોઈ પણ સામાન્ય બાબતે FIR કે કોર્ટ કેસ થાય તો આજ જીલ્લા કમાન્ડન્ટની કચેરી દ્વારા FIR કે કોર્ટ કેસની પ્રમાણિક નકલ મેળવી જેતે હોમગાર્ડ સભ્ય તથા અધિકારી વિરૂદ્ધ તાત્કાલિક ધોરણે મુંબઈ હોમગાર્ડ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૬(ખ) મુજબ કાયદાકીય કાર્યવાહી કરી જેતે સભ્યોને પરેડ ફરજ મોકૂફ કરવામાં આવે છે, એટલું જ નહી નડિયાદ યુનિટના પ્લા કમાન્ડર હસીદ તીરગરને જીલ્લા કમાન્ડન્ટ એ મૌખિક સૂચનાથી કોઈપણ જાતના વાક ગુના વગર છેલ્લા બે વર્ષથી પરેડ ફરજ મોકૂફ કરી ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪ સમાનતાનો અધિકારમાં એક સમાન ન્યાય અને તમામના એક સમાનહિતો જળવાઈ રહે તે માટે એક સમાન ન્યાય હોમ ગાર્ડ સભ્યો તથા હોમગાર્ડ ઈન્ચાર્જ નવીનભાઈ પી. વણકર વિરૂદ્ધ એક સમાન મુંબઈ હોમગાર્ડ અધિનિયમ ૧૯૪૭ મુજબ કાયદાકીય કાર્યવાહી ન કરી ખેડા જીલ્લાના જીલ્લા કમાન્ડન્ટ દ્વારા ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪ સમાનતાનો અધિકારનો ભંગ કરવામાં આવેલ હતો.

## ક.મ.લ.હાઈસ્કૂલની ૬૩ વિદ્યાર્થી બહેનોએ બીએસએફ જવાનોને ગૌમય દ્રવ્યો માંથી બનાવેલ રક્ષાસુત્ર મોકલ્યા

દાહોદ, મળતી માહિતી અનુસાર ક.મ.લ.હાઈસ્કૂલ પીપલોદમાં રાષ્ટ્રીય ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશેષ થતી હોય છે. એમાં છેલ્લા ત્રણ વર્ષથી ક.મ.લ.હાઈસ્કૂલની બહેનો આપણા દેશની રક્ષા કરનાર સૈનિકો માટે ગૌમય દ્રવ્યો માંથી બનાવેલ રક્ષાસુત્ર મોકલે છે.આ વખતે પણ ત્રેસઠ જેટલી બહેનોએ બીએસએફ જવાનોને ગાંધીનગર મુકામે રક્ષાબંધન પર્વની ઉજવણીમાં ઘેર ન આવી શકતા આપણા સૈનિકો માટે રક્ષાબંધન માટે રાખડીઓ મોકલી છે.

ક.મ.લ.હાઈસ્કૂલ પીપલોદના આચાર્ય ડી.સી.પટેલ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરતા હોય છે.આ વખતે શાળામાં પણ સૌ પાંચસો ત્રેવીસ જેટલી વિદ્યાર્થીનીઓને આપણી રાષ્ટ્રીય સામાજીક સંસ્થામાથી રક્ષા મંગાવીને બધા વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવશે. આજનો વિદ્યાર્થીએ આવતીકાલનો નાગરિક છે, એ આપણે સૌ જાણીએ છીએ તેથી શાળામાં દર વર્ષે શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સામાજીક ધાર્મિક રાષ્ટ્રીય સેવાકીય પ્રવૃતિઓ કરાવીને બાળકોને પ્રોત્સાહન આપવામાં આવે છે. આચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં રમતગમત ક્ષેત્રમાં પણ આ શાળાના બાળકો તાલુકા કક્ષાએ જીલ્લા કક્ષાએ રાજયકક્ષાએ રમવા જશે. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેશે. ગાયત્રી પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે લેવાતી પરીક્ષામાં દોઢસોથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. શાળામા યોજાતી દરેક પ્રવૃતિઓમાં શાળાનો તમામ સ્ટાફ ઉત્સાહ સાથે વિદ્યાર્થીઓને જોડે છે અને સૌ જોડાય છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.306

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરા થી પાનમ ડેમ, ઊંડારા ગામ તરફ જતા 30 કરતા વધુ ગામોને જોડતા રસ્તા ઉપર મસમોટા ખાડાઓ



- પાનમ પાટીયા થી પાનમ ડેમ અને ઊંડારા ગામ થઈને સંતરામપુર તરફ જતો રસ્તો બિસ્માર હાલતમાં હોવાથી વાહન ચાલકો હેરાન પરેશાન .
- ચોમાસામાં રસ્તો વધારે તૂટી જતા પસાર થતા વાહન ચાલકોનો સમય સાથે અકસ્માત થવાનો ડર પણ રહેતો હોઈ છે.
- ડામર રસ્તો પાછલા ૨ વર્ષ ઉપરાંત થી ખાડા પડી જવા સાથે વાહન ચાલકો માટે કમરતોડ સાબિત થઈ રહયો.

શહેરા,

શહેરાના પાનમ પાટીયાથી પાનમ ડેમ અને ઊંડારા તરફ જવાના રસ્તા પર મસમોટા ખાડાઓ પડી જવાના કારણે વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.આ રસ્તો ૩૦કરતા વધુ ગામોને જોડતો હોવા છતાં નવીન નહી બનતા વાહન ચાલકોનો ભારે આક્રોશ તંત્ર સામે જોવા મળવા સાથે અનેક જગ્યાએ તૂટી ગયેલ હોવાથી સંબંધિત તંત્ર પોતાની નૈતિક ફરજ સમજીને રસ્તાની કામગીરી વહેલી તકે શરૂ કરે તેવી આશા વાહન ચાલકો રાખી રહ્યા હતા

શહેરા લુણાવાડા હાઈવે ઉપર પાનમ ટોલ પ્લાઝાથી પાનમ ડેમ તરફ જતો રસ્તો બિસ્માર બની ગયો છે. પાનમ પાટીયા થી ગઢ થઈને ઊંડારા અને પાનમ ડેમ સહિત ૩૦થી વધુ ગામોને જોડતા આ ડામર રસ્તા ઉપર પાછલા ૩વર્ષ ઉપરાંત થી મસમોટા ખાડા પડી ગયા હોવા સાથે વાહનોને પણ નુકશાન જતું હોય છે. આ રસ્તા ઉપર દિવસ અને રાત્રી દરમિયાન વાહનોની અવર-જવર સતત રહેતી હોવા સાથે ચોમાસામાં રસ્તો વધારે તૂટી ગયેલ હોવાથી ખાડાઓ માં પાણી ભરાઈ રહેતું હોય ત્યારે સબંધિત તંત્ર અહી કોઈ મોટી ઘટના બને તેની રાહ દેખી રહયું હોય કે પછી શુભ મુહૂર્ત આવે ત્યારે રસ્તાની કામગીરી કરાશે કે શું ? અહીથી પસાર થતા વાહન ચાલકો માટે આ રસ્તો જોખમી રૂપ બનવા સાથે બાઈક સ્લીપ પણ ખાવાના બનાવો બની રહયા હોય ત્યારે કોઈ મોટી ઘટના અહી બને તે પહેલા સબંધિત તંત્ર પોતાની નૈતિક જવાબદારી સમજીને રસ્તાની કામગીરી વહેલી તકે શરૂ કરે તેવી આશા અહીંથી પસાર થતા વાહન ચાલકો રાખી રહયા હતા. જોકે પાનમ ડેમ અને ઊંડારા ગામ થઈને સંતરામપુર તરફ જતો રસ્તો અનેક જગ્યાએ તૂટી ગયેલ હોવાથી અહીંથી પસાર થતી વખતે વાહન ચાલકોનો સમય પણ વધારે જતો હોવાથી સંબંધિત તંત્ર સામે ભારે આક્રોશ પણ જોવા મળે તો નવાઈ નહી, જોકે ચોમાસાની ઋતુ શરૂ હોવાથી જીલ્લા તેમજ રાજ્યભરમાંથી અનેક લોકો પાનમ ડેમ નો નજારો જોવા સાથે કુદરતી સૌંદર્ય નીહાળવા માટે આવતા હોય તેમ છતાં સબંધિત તંત્ર દ્વારા આ રસ્તા બાબતે કેમ ગંભીરતા લેવામાં આવી રહી નથી એવા અનેક સવાલો અહીં આવતા સહેલાણીઓ માં પણ ચર્ચાઈ રહ્યા હતા. સંબંધિત તંત્ર દ્વારા હાલની પરિસ્થિતિને જોતા આ રસ્તાની મરામત કરવામાં આવે તે અત્યંત જરૂરી લાગી રહયુ હોય ત્યારે જોવુંજ બન્યું કે ઉપરોક્ત આ બાબતને લઈને સંબંધિત તંત્રના અધિકારીઓ ગંભીરતા લેશે કે પછી હોતી હે ચાલતી હૈ એમજ ચલાવશે કે શું? અહીંથી પસાર થતા વાહન ચાલકો માટે આ રસ્તો માથાના દુખાવા સમાન બની ગયો હોય એમ કહીએ તો નવાઈ નહી..

# “આંગણવાડી કેન્દ્ર -3 બાલ દિવસની ઉજવણી કરવામાં આવી”



ગોધરા,

ગોધરા તાલુકાના આઈસીડી એસ શાખા ગોધરા ઘટક-૩ ના જીતપુરા સેજા ની આંગણવાડી કેન્દ્ર ચિખોદ્રા-૩માં બાલ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ઘટક-૩ના સીડીપીઓ શારદાબેન વીઝ મુખ્ય સેવિકા શીતલબેન બારોટ, બ્લોક કોઓર્ડિનેટર પારૂલબેનશાહ વોડના સભ્ય દડી નુરએહમદ, સામાજીક કાર્યકર દેડકી મહેબુબ અને આંગણવાડી કાર્યકર સમીરા બેન જરદાની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી. કેન્દ્ર ઉપર બાળકોને ઉત્સાહમાં ભાગીદારી આપનાર તમામનું મહેમાનોનું પુષ્પગુજ થી સ્વાગત કરવામાં આવ્યું. ૬૦ જેટલા બાળકોને સખીદાતાની મહેબૂબભાઈ દેડકી દ્વારા રમકડાં આપવામાં આવ્યા. આકાશ માર્કેટીંગ દ્વારા બાળકોને ચોકલેટ તેમજ ચીક્કી દરેક બાળકને આપવામાં આવ્યા. આજના બાલ દિવસની ઉજવણી દરમિયાન બાળકોએ ઉત્સાહ ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી.

# ગોધરાના ટીંબા ગામે જુગાર રમતા ત્રણ શકુનીઓને કાંકણપુર પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના ટીંબાની મુવાડી ગામે પ્રા.શાળાના કમ્પાઉન્ડની બાજુમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમોને ૮૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના ટીંબાની મુવાડી ગામે પ્રા.શાળાના કમ્પાઉન્ડ બાજુમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે કાંકણપુર પોલીસે રેઈડ કરી રાજેશ રામાભાઈ સોલંકી, કિરીટભાઈ દિનાભાઈ પરમાર, અરવિંદભાઈ મોજાભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રૂ.૮૦૦ ના મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# પંચમહાલ ખાણ ખનીજ વિભાગે ઘોઘંબાના દેવલીકુવા અને ગોધરા ખાતેથી રેતી અને કવાર્ટઝ ભરેલ ત્રણ વાહનોને ઝડપ્યા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દેવલીકુવા ગામે તેમજ ગોધરા ખાતેથી જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમે ચેકિંગ કરી રેતી ભરેલ ટ્રેકટર, અને કવાર્ટઝ ભરેલ ટ્રક મળી રૂ.૨૦ લાખના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા. પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમ ગતરોજ ગોધરા બાયપાસ રોડ ઉપર તેમજ ઘોઘંબા તાલુકાના દેવલીકુવા ગામે રૂટિન ચેકિંગમાં હતી ત્યારે બાતમીદાર પાસેથી બાતમી મળી હતી કે, ગોધરા બાયપાસ રોડ ઉપર ટ્રકમાંથી કવાર્ટઝ અને ઘોઘંબાના દેવલીકુવા પાસે બે ટ્રેકટરમાંથી ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેકટર મળી ૨૦ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ ખનીજ વિભાગની ટીમે બે ટ્રેકટર દામાવાવ પોલીસ મથકે તેમજ એક ટ્રક ગોધરા કલેકટર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યા હતા. ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ વહન કરતા વાહનોને ઝડપી પાડી કાર્યવાહી કરવામાં આવતા ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# ગોધરાના તોરણા ગામે જુગાર રમતા પાંચ જુગારીયાઓને ઝડપી પાડવામાં આવ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના તોરણા ગામે વડવાળા ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમે છે તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી પાંચ જુગારીયાઓને ૧૦,૧૨૦/-રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ તાલુકાના તોરણા ગામે વડવાળા ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી મનોજ કિરણસિંહ પરમાર, પ્રવિણ કામસિંહ ચૌહાણ, ચેતન વિક્રમસિંહ ઠાકોર, અલ્પેશ મોહનભાઈ બજાણીયા, વિજય અનોપસિંહ રાઠોડને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલ જુગારીયાઓની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રૂ.૧૦,૧૨૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જયારે પ્રમોદ ઉર્ફે દડી કનૈયાલાલ પરમાર, શૈલેષ પ્રવિણભાઈ પરમાર નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# ગોધરા તાલુકાના સામલી ગામમાં રાત્રીના સમયે વીજ પુરવઠો ખોરવાવાની સમસ્યાને લઈ ગ્રામજનોનુ જીલ્લા કલેકટરને રાત્રી ભોજન માટે આમંત્રણ



ગોધરા,

ગોધરા તાલુકાના સામલી ગામે અવારનવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાથી ગ્રામજનોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. મધ્યગુજરાત વીજ કંપનીને રજુઆત છતાં કાર્યવાહી નહિ કરવામાં આવતાં ગ્રામજનો પંચમહાલ જીલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચીને કલેકટરને રાત્રી ભોજન માટે આમંત્રણ આપ્યું હતું.

ગોધરા તાલુકાના સામલી ગામમાં અવારનવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાથી ગ્રામજનોને લઈ ભારે હાલાકી વેઠવાનો વારો આવી રહ્યો છે. રાત્રીના સમયે લાઈટ ગુલ થઈ જતાં રાત્રીના સમયે ગ્રામજનોના જમવામાં ભારે તકલીફ વેઠવી પડે છે. લાઈટ ગુલ થઈ જતાં બાળકો અભ્યાસ કરી શકતા નથી. તેમાં પણ લાઈટ ન હોવાના કારણે વૃધ્ધ વ્યકિતઓને ભારે હાલાકી વેઠવી પડતી હોય છે. સામલી ગામમાં વીજ પુરવઠો ખોરવાઈ જવાની કાયમી સમસ્યાને લઈ મધ્ય ગુજરાત વીજ તંત્રને વારંવાર રજુઆતો કરવા છતાં યોગ્ય નિકાલ આવેલ ન હોય જેને લઈ ગ્રામજનો મધ્ય ગુજરાત વીજ કંપની કચેરી ખાતે રાત્રીના સમયે રજુઆત માટે પહોંચ્યા હતા. તેમ છતાં વીજ કંપની દ્વારા યોગ્ય પ્રતિઉત્તર નહિ આપવામાં આવ્યો હોય જેને લઈ ગ્રામજનો પંચમહાલ જીલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને ગ્રામજનોને વીજ પુરવઠો ખોરતા પડતી મુશ્કેલીઓને લઈ જીલ્લા કલેકટરને સામલી ગ્રામજનો દ્વારા રાત્રી ભોજનનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. હવે જોવનું રહે છે કે, સામલી ગામના ગ્રામજનોની વીજ પુરવઠો ખોરવાવાની સમસ્યાનો ઉકેલ કેટલા સમયમાં નિકાલ કરશે.

# હાલોલ આદિત્ય બિરલા કંપની સામે મુસાફર ભરેલ છકડો પલ્ટી જતાં બે બાળકો અને બે મહિલાઓને ઈજાઓ

હાલોલ,

હાલોલના ગોધરા રોડ ઉપર નશા કરેલ છકડાના ચાલકે મુસાફરો ભરેલ છકડો રોડ સાઈડે પલ્ટી ખવડાવી દેતાં છકડામાં સવાર મુસાફરો પૈકી બે મહિલા અને બે બાળકોને ઈજાઓ પહોંચી હતી. મહિલાઓને ગંભીર ઈજાઓ થતાં વડોદરા ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ-ગોધરા રોડ ઉપર હાલોલ-કાલોલ વચ્ચે ઓવરલોડ મુસાફરો ભરીને બેફામ હંકારવા આવતા હોય છે. મુસાફરો ભરેલ આવા વાહનોના અકસ્માતની ઘટનાઓ અવારનવાર સામે આવતી હોય છે પરંતુ પોલીસ દ્વારા આવા ખાનગી મુસાફરો ભરી બેફામ હંકારતા વાહનો ઉપર કાર્યવાહી કરવામાં આવતી નથી. પરિણામે આવા છકડા ચાલકો બેફામ બનતા હોય છે. કાલોલ થી મધવાસ ગામનો છકડો ચાલક મુસાફરો ભરીને હાલોલ તરફ આવી રહ્યો હતો. છકડાના ચાલક નશો કરેલ હાલતમાં હોય અને છકડો ડીવાઈડર સાથે અથડાવી દેતાં છકડો પલ્ટી ખાઈ ગયો હતો. છકડો પલ્ટી જતાં છકડામાં સવાર મુસાફરો પૈકી બે બાળકો અને બે મહિલાઓને ઈજાઓ પહોંચી હતી. જેમાં શીહારખાન શાહસુલખાન પઠાણ ઉ.વ.૬ને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. શનયાબાનું શાહરૂખખાન પઠાણ ઉ.વ.૮ને પગના ભાગે ફેકચર થયું હતું. જયારે મહિલા રેવાબેન તેમજ મંગુબેન લાલભાઈ વણકરને માથાના ભાગે ઈજાઓ થતાં વડોદરા ખસેડવામાં આવ્યા.

# ગોધરાના નાની કાંટડી ગામની જમીન પચાવી પાડવાના ષડયંત્રના આરોપીની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના નાની કાંટડી ગામની લગભગ ૧૦૦ એકટર જેટલી જમીન પચાવી પાડવાનુ કાવતરૂ રચનાર આરોપી ઈકબાલ અહેમદ મેંદાની રેગ્યુલર જામીન અરજી ગોધરાની પાંચમી એડિ.સેશન્સ કોર્ટ દ્વારા નામંજુર કરાઈ હતી.

નાની કાંટડી ગામે ૧૦૦ એકર જેટલી જમીન પચાવી પાડવાનુ મસમોટુ કૌભાંડ સામે આવ્યુ હતુ. સમગ્ર મામલે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. ખોટુ પેઢીનામુ અને વારસાઈ કરીને જમીન પચાવી પાડવા માટે સમગ્ર કાવતરૂ રચવામાં આવ્યુ હતુ. પોલીસ દ્વારા આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. આ ગુનામાં સંડોવાયેલા આરોપી ઈકબાલ અહેમદ મેંદાએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા પામે પંચમહાલ જિલ્લાના પાંચમા એડિશનલ સેશન્સ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જેને લઈને તપાસ કરનાર પોલીસ અધિકારી કોર્ટમાં એફિડેવિટ રજુ કર્યુ હતુ. જેમાં આરોપી દ્વારા ભજવવામાં આવેલ ભુમિકા મુજબ આ સમગ્ર ગુનામાં ઈકબાલ અહેમદ મેંદાએ અન્ય આરોપી સાદીક અબ્દુલરઝઝાક અંધી સાથે રફીક અહેમદ ઈબ્રાહિમ મલેક મળાવી આ મિલ્કત બાબતે સાદીકભાઈ અંધીના કહેવાથી અરજદારે જમીન સંપાદનમાં એનઓસી માટે તેના નામથી બે અરજીઓ જમીન સંપાદનમાં કરી ખોટી નોંધ કરવા માટે અરજી કરી હતી. કોર્ટમાં આરોપીએ કરેલ રેગ્યુલર જામીન મેળવવાની અરજી પંચમહાલ જિલ્લાના પાંચમા એડિ.ડિસ્ટ્રિકટ કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી ઈકબાલ અહેમદ મેંદાની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરી હતી.

# ગોધરા ખાનગી શાળાના નામે ફેક આઈડી બનાવી શિક્ષકોના નામે એડિટ કરી બદનામ કરાતા ફરિયાદ

ગોધરા,

ગોધરાના આરટીઓ રોડ પર આવેલી ખાનગી શાળાનુ સોશિયલ મીડિયામાં ફેક આઈડી બનાવી શિક્ષકોના નામ એડિટ કરીને બદનામ કરતા અજાણ્યા ઈસમ સામે ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરના આરઈટીઆઈની પાછળ આવેલી જય યોગેશ્વર સોસાયટીમાં રહેતા પંથીલ નિલેશભાઈ પંચાલે ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી અને જણાવ્યુ હતુ કે,તેઓ ગોધરા શહેરના આરટીઓ રોડ પર આવેલી અમન-ડે નામની ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ત્યારે ગત ૫ ઓગસ્ટે અજાણ્યા ઈસમે અમન-ડે સ્કુલનુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ફેક એકાઉન્ટ બનાવ્યુ હતુ. જેના પર વીડિયો એડિટ કરીને સ્કુલના શિક્ષકોના નામ એડિટ કરીને બદનામ કરવાના ઈરાદે વીડિયો અપલોડ કર્યો હતો. સમગ્ર મામલો શાળા સંચાલકોને ધ્યાને આવતા મામલે પોલીસ મથકે પહોંચ્યો છે. જેમાં ફેક એકાઉન્ટ બનાવનાર અજાણ્યા ઈસમ સામે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# હાલોલ લકી સ્ટુડીયોની બાજુના કોમ્પ્લેક્સની દુકાન માંથી ૭ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

હાલોલ,

હાલોલના ગોધરા રોડ ઉપર આવેલા આદિત્ય કોમ્પ્લેક્સની એક દુકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન દુકાન માંથી ૭ લાખ ઉપરાંતનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો અને દુકાન માલિક વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો.

હાલોલ લકી સ્ટુડીયોની બાજુમાં આવેલ આદિત્ય કોમ્પ્લેક્સની દુકાન નંબર-૩માં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખવામાં આવ્યો છે. તેવી બાતમી પંચમહાલ એલસીબી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી અને દુકાન નંબર-૩માં તપાસ કરી ઈંગ્લીશ દારૂના નંગ-૭૦૦૮ કિંમત ૭.૮૦૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આદ્યો હતો. આ બાબતે દુકાન રાજસ્થાનના નરેશ બદામીલાલ ભગોરાની હોવાથી હાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# જાંબુઘોડાના રાજપરી ગામેથી ૪૦ વર્ષ પહેલા ગુમ થયેલ વ્યકિત અચાનક ઘરે આવ્યા

જાંબુઘોડા,

જાંબુઘોડા અભ્યારણ્યમાં આવેલ રાજપરી ગામના ઉદેસિંહ બારીયા ૪૦ વર્ષ પહેલા ગામ છોડીને કયાંક ચાલ્યા ગયા હતા. જે તે દિવસથી ઘરે પરત ન આવતા પરિવારજનોએ તેમનુ મોત થયુ હોવાનુ માની બારમુ-તેરમું પણ કરી નાંખ્યુ હત. ૪૦ વર્ષ પછી ઉદેસિંહ બારીયા પોતાના ગામ રાજપરી ઘરે પરત આવી પહોંચતા તેમને જોઈ સૌ કોઈ આશ્ચર્યચક્તિ થઈ ગયા હતા. હિન્દી ફિલ્મી કથાને ટકકર મારે તેવી સત્ય ઘટના જાંબુઘોડા અભ્યારણ્યમાં આવેલ રાજપરી ગામે બનવા પામી હતી. ગામના નિશાળ ફળિયામાં રહેતા ઉદેસિંહ હરિભાઈ બારીયા ૪૦ વર્ષ અગાઉ અગમ્ય કારણોસર ઘર પરિવાર છોડીને જતા રહ્યા હતા. ઉદેસિંહની ૪૦ વર્ષ પહેલા માતા-પિતા સહિત પરિવારના સૌ કોઈએ ખુબ શોધખોળ હાથ ધરી હતી. તેમ છતાં પણ તેનો કોઈ પત્તો મળ્યો ન હતો. દિવસો, મહિનાઓ અને વર્ષો વિતી ગયા જેથી હવે ઉદેસિંહ હવે દુનિયામાં હયાત જ નહિ હોય તેમ માની પરિવારે તેનુ બારમું-તેરમું પણ કરી નાંખ્યુ હતુ. ઉદેસિંહ ઘરેથી જયારે નીકળ્યો ત્યારપછી તેણે એક પણ વખત પરિવારજનોને કોલ કે ટપાલ લખીને સંપર્ક પણ કર્યો ન હતો. ત્યારે સૌના આશ્ચર્ય વચ્ચે ૬૦ વર્ષની ઉંમરે ઉદેસિંહ ઘરે આવ્યો છે. ફુલોની માળાઓ સાથે ગ્રામજનોએ તેમનુ અભિવાદન કર્યુ હતુ. ૪૦ વર્ષ પુર્વે ૨૦ વર્ષની ઉંમરે ઘર છોડીને ગયેલ ઉદેસિંહનો ચહેરો પણ બદલાઈ ગયો હતો. ઘરની દહેલીજ પર પહોંચતા ઘરના નાના ભાઈ નવલસિંહે તેમને ઓળખી લેતા અત્યંત ખુશી અનુભવી હતી.

# ગોધરાના અભરામ પટેલના મુવાડા પાસે બે કાર વચ્ચે અકસ્માતમાં તબીબના માતા અને પત્નિનુ મોત

ગોધરા,

ગોધરા તાલુકાના અભરામ પટેલના મુવાડા પાસે બે કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં તબીબે પોતાના માતા અને પત્નિને ગુમાવ્યા હતા. બંને મહિલાઓના ઘટના સ્થળે મોત નીપજયાં હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર મુળ મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામે રહેતા અને હાલ અમદાવાદ શહેરના ગોતા વિસ્તારમાં રહેતા કુંજલભાઈ રમણભાઈ પટેલે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યુ હતુ કે,તેઓ વ્યવસાયે તબીબ છે ગત ૧૭ને રાત્રે તેઓ કારમાં માતા તરૂલતાબેન પટેલ અને પત્નિ અંજલીબેન સાથે અમદાવાદથી પોતાના વતન સંતરામપુર ખાતે આવી રહ્યા હતા કુંજલ પટેલ પોતાની કાર લઈને ગોધરા નજીકથી પસાર થતાં છબનપુરથી અમદાવાદ તરફ જતા બાયપાસ રોડ પર અભરામ પટેલના મુવાડા ગામ નજીકથી રાત્રિના સુમારે પસાર થઈ રહ્યા હતા તે વેળાએ પાછળથી પુરઝડપે આવેલા એક અન્ય કારના ચાલકે કુંજલભાઈની કારને ટકકર મારી હતી આ અકસ્માતમાં કારમાં સવાર તમામ વ્યકિતઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. બનાવમાં કુંજલભાઈના પત્નિ અંજલીબેન અને માતા તરૂલતાબેનને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મોત નીપજયાં હતા. જયારે કારમાં સવાર અન્ય વ્યકિતઓને પણ નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. અકસ્માત બાદ કાર ચાલક પોતાની કાર ઘટના સ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે ફરાર થયેલા કાર ચાલક સામે ફરિયાદ નોંધી આગળ તપાસ હાથ ધરી છે.